
मधुच्छन्दा: ऋषि (वैश्वामैत्र)। अग्निर्देवता । गायत्री छन्दः ।

# अग्निसूक्त
# ऋग्वेद 1.1



ॐ अग्निमीळे पुरोहितं, यज्ञस्य देवमृत्विजम् ।

होतारं रत्नधातमम् ॥ १ ॥

**पदपाठ**

ॐ अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम्
। ऋत्विजम् । होतारम् । रत्नऽधातमम् ॥ १ ॥

અનુવાદ : પુરોહિત, યજ્ઞના દેવી ઋત્વિજ, હોતા (અને) સમૃદ્ધિના શ્રેષ્ઠ દાતા એવા અગ્નિને હું સ્તવું છું.

## ( १ ) अग्निः ( ऋग्वेद १–१ )

[ मधुच्छन्दाः ऋषिः । अग्निर्देवता । गायत्री छन्दः ]

[આ સૂક્તના ઋષિ મધુચ્છન્દસ્ વૈશ્વામિત્ર છે. અગ્નિદેવતા છે. ગાયત્રી છંદ છે.]

ॐ अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ॥ १ ॥

[પદપાઠ : ॐ अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् ।
होतारम् । रत्नऽधातमम् ॥ १ ॥]

वैदिक स्वरना प्रकार उदात्त(आरोह), अनुदात्त(अवरोह) अने स्वरित (आक्षेप)

अग्निः पूर्वेभिर्ऋषिभिः ईड्यो नूतनैरुत ।

स देवाँ एह वक्षति ॥ २ ॥

[પદપાઠ : अग्निः । पूर्वेभिः । ऋषिं ऽभिः । इड्यः । नूतनैः । उत । सः ।

देवान् । आ । इह । वक्षति ॥ २ ।]

અનુવાદ : અગ્નિ પૂર્વેના (પુરાતન) તથા નૂતન ઋષિઓ વડે સ્તુત્ય (સ્તવન કરવા યોગ્ય) છે. તે દેવોને અહીં (યજ્ઞશાળામાં) લાવે (અથવા પ્રેરે).

- અહી મધુચ્છંદા ઋષિ કહે છે કે -પૂર્વકાલીન ઋભુ, અંગીરા વગેરે ઋષિ દ્વારા અગ્નિની સ્તુતિ થઈ છે . અને નવા –નૂતન (અમારા જેવા) ઋષિઓ માટે પણ અગ્નિ સ્તુત્ય છે.
- ઋગ્વેદમાં પૂર્વ, નૂતન અને મધ્યમ ઋષિનો ઉલ્લેખ થયેલો છે.

अग्निनां रयिमंश्नवत् पोषमेव दिवेदिवे ।
यशसं वीरवत्तमम् ॥ ३ ॥

पदपाठः अग्निनां । रयिं । अश्नवत् । पोषम् । एव । दिवेदिवे । यशसम् । वीरवत् ऽ तमम् ॥ ३ ॥

અનુવાદ : દિનપ્રતિદિન પુષ્ટ થતું (વૃદ્ધિ પામતી), યશસ્વી અને અતિશય (પુત્ર, નોકર વગેરે) વીરો થી યુક્ત ધન (સમૃદ્ધિ) અગ્નિ દ્વારા (યજમાન) મેળવે.

दिवेदिवे- પ્રતિદિન , पोषम् - પુષ્ટ થતું, સમૃદ્ધિ, यशसम् -યશસ્વી, यस् -અંતવાળું વૈદિક -વિશેષણ .

वीरवत्तम् -પુત્ર નોકર વગેરે વીર પુરુષો થી વિશેષ રૂપે યુક્ત તેવી रयिम्- સંપત્તિ, ધન, अश्नवत्-अश् (૫-૩) ભોગવવું પ્રાપ્ત કરવું આ મંત્રમાં ‘આપનાર’ ‘યજમાન' શબ્દોને કર્તા તરીકે અધ્યાહૃત લેવો જોઈએ.

## यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि ।
## तेवेत्तत्सत्यमङ्गिरः ॥ ६ ॥ (IMP)

પદપાઠ: यत् । अङ्ग। दाशुषे । त्वम् । अग्नै । भद्रं । करिष्यसि । त्वं । तत् । तत् । सत्यम् । अङ्गिरः ॥ ६ ॥।

અનુવાદ : હે અગ્નિ, તું ( હવિ અથવા પ્રાર્થના) આપનાર (યજમાન અથવા પ્રાર્થયિતા)નું જે કલ્યાણ કરીશ (અથવા કરવા ધારીશ) તે હે અંગિરા, તારું જ સત્ય છે. (અથવા–તે તારું (કાર્ય) સિદ્ધ થશે જ.)

अङ्गिरः - અહીં અગ્નિને અંગિર કે અંગિરા કહ્યો છે. આ નામવાળા એક ઋષિ પણ છે. તેની ઉત્પત્તિ અંગેની એક કથા આ પ્રમાણે છે. વિશ્વદેવો અને પ્રજાપતિના યજ્ઞમાં આવેલી શરીરધારી વાગદેવતાને જોઈને પ્રજાપતિ અને વરુણનું રેતઃસ્ખલન થયું. આ રેતસને વાયુ એ અગ્નિમાં નાખ્યું. તેમાંથી અંગિરા ઋષિ જમ્યા. બૃહસ્પતિ, અગ્નિ અને ઉષાને આ અર્ધદેવી અંગીરસો સાથે સંકળાયેલા દર્શાવાયા છે. તેથી આ ત્રણેને ઋગ્વેદમાં 'અંગીરસ' કહેવામાં આવ્યા છે. અંગીરસ ની મદદથી ઇન્દ્ર સોમ મેળવ્યો હતો તેથી ઇન્દ્ર અને સોમને પણ અંગિરસ કહે છે.

दाशुषे- હવિ આપનાર, યજમાન, दाश् (આપવું) ને क्वस् પ્રત્યય લગીને બનેલા પરોક્ષ ભૂત કૃદંત दाश्वस् નું પુ. ચતુર્થી એ.વ. सत्यम् - સાચું, સાચું ઠરે તેવું, સિદ્ધ થાય તેવું.